# ઉત્તર ગુજરાતમાં રેકર્ડ બ્રેક ૮૨૬૬ લોકો કોરોનાથી સંક્રમિત

## અરવલ્લીમાં ઓક્સિજન ખૂટવાની આરે : ઓક્સિજનની અછતથી મૃતદેહના ઢગલા થવાની દહેશત, ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં વધુ ૧૪નાં મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ આકરા તાપ છતાં બેકાબુ બન્યું છે. પાછલા ૨૪ કલાકમાં ૮૨૬૬ લોકો સંક્રમિત થયા છે. રિકવરી રેટ નબળો પડી રહ્યો છે માત્ર ૧૨૦ લોકો સાજા થયા છે. સોમવારે સમી સાંજે અરવલ્લીમાં ઓક્સિજન ખૂટવાની આરે આવતાં તંત્રમાં દોડધામ મચી હતી. રખે ને ઓક્સિજનની અછત ઉભી થશે તો લાશના ઢગલા થવાની દહેશત છે કારણ કે જિલ્લાના ૬૦ થી ૭૦ ટકા દર્દીઓ ઓક્સિજનના સહારે જીવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં વધુ ૧૪નાં મોત નિપજ્યાં છે. અરવલ્લીમાં કોરોનાથી અનેકનાં મોત નિપજ્યાં હોવા છતાં એકપણ મોત દર્શાવ્યું નથી.

વર્ષ-૨૦૨૦ ના કોરોનાના કપરા કાળને પણ ભૂલાવી દે તે રીતે વર્ષ-૨૦૨૧ માં કોરોનાનું સંક્રમણ બેલગામ થઈ ગયું છે. કોરોનાગ્રસ્ત દર્દીઓ પોતાના ઘરેથી સારવાર માટે સરકારી કે ખાનગી હોસ્પિટલમાં જાય ત્યાં સુધી અસમંજસમાં હોય છે. સારવાર માટે બેડ મળશે, બેડ મળશે તો ઓક્સિજન હશે અને આ બંન્ને વસ્તુ મળશે તો જીવવા માટે રેમડેસિવિર ઈન્જેક્શન તો મળી રહેશે ને..?? તેવા સવાલોએ કોરોનાગ્રસ્ત દર્દીઓને અંદરખાને અસહ્ય પીડા આપી છે. એક પછી એક પાંચેય જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓના મોતમાં ઉછાળો આવ્યો છે તે ચિંતાજનક છે અનેક ડૉક્ટરો કોરોના સામે જીંદગીનો જંગ હારી રહ્યા છે. હવે તો કોરોનાની કામગીરીમાં મૂકાયેલો સ્ટાફ પણ ચેપગ્રસ્ત થતાં આવી સ્થિતિ એક સપ્તાહ ચાલી તો મોટાપાયે કોરોના દર્દીઓની ખુંવારી થઈ શકે છે. રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા અનુસાર ઉત્તર ગુજરાતમાં રેકર્ડ બ્રેક એક જ દિવસમાં ૮૨૬૬ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. આશ્ચર્ય વચ્ચે અરવલ્લીમાં ગામે ગામ કોરોનાના દર્દીઓ નોંધાઈ રહ્યા છે. મોતમાં પણ ઉછાળો આવ્યો છે છતાં અરવલ્લીમાં માત્ર ૨૪ કલાકમાં ૫૬૦ લોકો સંક્રમિત થયાનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. પાછલા ૨૪ કલાકમાં પાટણ અને અરવલ્લીમાં એકપણ મોત નિપજ્યું નથી. જ્યારે સાબરકાંઠા, મહેસાણામાં ૫-૫ અને બનાસકાંઠામાં ૪ લોકોના મોત નિપજ્યાને વિભાગે પુષ્ટી આપી છે.

## બાયડના પ્રાથમિક શિક્ષક પુત્રને કોરોના ભરખી ગયો, એકના એક પુત્રના મોતથી માતમ

### વાત્રક કોવિડ હોસ્પિટલમાં સમયસર ઓક્સિજન ન મળતાં મોત..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ તાલુકાની લાલપુર(જીતપુર) પ્રા.શાળાના પ્રા. શિક્ષક દિનેશભાઈ મણીભાઈ પંચાલના એકના એક ઈજનેર પુત્ર ધવલ પંચાલ(ઉ.૨૫ વર્ષ)ને કોરોના ભરખી જતાં માતમ છવાયો છે. વાત્રક કોવિડ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત યુવાનને સમયસર ઓક્સિજન મળ્યો હોત તો બચાવી શકાયો હોત..!! ફરી એકવાર સરકારી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનની અછતથી વધુ એક દર્દીને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.



બાયડ તાલુકામાં કોરોનાના વિકરાળ સ્વરૂપે સૌને હચમચાવી નાખ્યા છે. બાયડ સહિત ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમિત દર્દીઓની સાથે મૃત્યુદર ભયજનક રીતે ઉંચકાયો છે. હવે સ્થિતિ એ છે કે કોઈને કોરોનાના સામાન્ય લક્ષણ જણાય તો સરકારી કે ખાનગી હોસ્પિટલમાં બેડ મળશે કે કેમ..?? કદાચ નસીબ સારૂ હોય અને બેડ મળે તો ઓક્સિજન મળશે..?? તેવી ચિંતા કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારને કોરી ખાય છે. બાયડની એક સોસાયટીમાં રહેતા તેનપુરના વતની પ્રા. શિક્ષકના પુત્રને સામાન્ય કોરોનાની અસર જણાઈ, ખાનગી હોસ્પિટલમાં સારવાર પછી સીટીસ્કેન રિપોર્ટ મેળવવામાં આવ્યો જેમાં કોરોનાના સામાન્ય લક્ષણ જણાતાં હોમ આઈસોલેશન કરી સારવાર શરૂ થઈ, પરોઢે ઝાડા થયા અને ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં તાબડતોબ સારવાર માટે વાત્રક કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. પરંતુ ત્યાં ઓક્સિજનની અછત હોવાથી તાત્કાલિક સારવાર ન મળતાં મોત નિપજ્યું છે. એક પછી એક કોરોનાના કારણે વધુ ને વધુ જીંદગીઓ હોમાતાં અનેક વિસ્તારોમાં માતમની સ્થિતિ સામે આવી છે.

### મૃતકની મમ્મી કોરોના પોઝિટિવ..

કોરોનાએ કાળો કેર વર્તાવવાની સાથે ઘરમાં એક સભ્યને કોરોનાનું સંક્રમણ લાગે તો અન્ય સભ્યો પણ સંક્રમિત થતા હોય છે. ગત રોજ બાયડમાં રહેતા પ્રા.શિક્ષકના પુત્ર ધવલ પંચાલનું કોરોનાથી મોત નિપજતાં પંચાલ પરિવારમાં માતમ છવાયો છે. જ્યારે મૃતકની મમ્મીને પણ તબિયત બગડતાં રિપોર્ટ કરાવતાં કોરોનાનાં લક્ષણો જણાઈ આવતાં તાબડતોબ સારવાર શરૂ કરવામાં આવી છે.

### બાયડમાં કોરોનાનો નવો સ્ટ્રેન, દર્દીઓને ઝાડા થાય છે

પાછલા ૨૪ કલાકમાં બાયડ તાલુકામાં કોરોના ૧૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. સરકારી દફતરે સાચા આંકડા નોંધાતા નથી. બાયડમાં ગત રોજ ધવલ પંચાલનું કોરોનાથી મોત નિપજ્યા પછી બહાર આવેલી વિગતો અનુસાર બાયડમાં કોરોનાનો નવો સ્ટ્રેન દેખાયો છે. દર્દીને કોરોનાના સામાન્ય લક્ષણ હતા પરંતુ પરોઢે વધુ પડતા ઝાડા થઈ ગયા અને ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં ગંભીર હાલતમાં વાત્રક કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો પરંતુ ઓક્સિજનની અછતના કારણે મોત નિપજ્યું હતું.

## અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કાળો કેર ૨૪ કલાકમાં ૨૪ જીંદગીઓ હોમાઈ

### સરેરાશ દર કલાકે ૧નું મોત, વધુ એક ડૉક્ટર સહિત મંદિર મહંત વગેરેને કોરોના ભરખી ગયો

ઓક્સિજનની અછતની આફત વચ્ચે અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કાળો કેર ફરી વળ્યો છે.



પાછલા ૨૪ કલાકમાં ૨૪ થી વધુ જીંદગીઓ હોમાઈ ગઈ છે. શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કારણે મૃત્યુદર ઉંચકાતાં આવનારા દિવસો વધુ કપરા બનવાની દહેશત છે. મૂળ ધનસુરાના અને કચ્છ જિલ્લાના આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા ડૉ.પરેશ એ. પટેલ, ધનસુરા વિશ્વકર્મા મંદિરના મહંત ઈશ્વરદાસ વૈષ્ણવ સહિત અનેકને કોરોના ભરખી જતાં બાયડ થી ભિલોડા સુધીના વિસ્તારમાં માતમ જ માતમ જોવા મળ્યો છે. બાયડ તાલુકાના ગાબટ પંથક તેમજ મોડાસાના ટીંટોઈ વિસ્તારમાં ૭-૭ લોકોના કોરોનાથી મોત નિપજ્યાના અહેવાલ છે. સોમવારે સરકારી કોવિડ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં પણ કોરોનાગ્રસ્ત દર્દીઓની ભીડ જોવા મળી અનેક દર્દીઓને ૨૪ કલાક પછી પણ બેડ નસીબ નથી થયા.



### કોરોનાની આડઅસર, આંખોની નજીક અને ગળા ઉપર સોજાની ફરિયાદો વધી

કોરોનાની સારવારમાં આડેડધ રેમડેસિવિર ઈન્જેક્શનના વપરાશ સામે અગાઉ કેન્દ્ર-રાજ્ય સરકાર, વૈજ્ઞાનિકો અને જાણીતા તબીબોએ ચેતવણી આપી હોવા છતાં અનેક ડૉક્ટરોએ બિમારીમાં પૈસા બનાવવાનો ખેલ શરૂ કર્યો હતો. કોરોના સામેનો જંગ જીતનારા કેટલાક દર્દીઓમાં હવે નવી બિમારી હાવિ થઈ છે જેમાં આંખો આસપાસ અને ગળા ઉપર સોજો આવવાની સાથે ફંગસ મગજ સુધી ચેપ પ્રસરાવી રહી છે. જે આવા દર્દીઓ માટે આવનારા સમયમાં જીવલેણ બની શકે છે. ખાસ કરીને ડાયાબીટીશ અને સાઈનસની બિમારી ધરાવતા દર્દીઓમાં તેનું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળ્યું છે.

બેડ મળતા ન હોય ત્યાં સારવાર માટે વિચાર જ કરવો નહીં..!!

કોરોનાની બીજી લહેર અરવલ્લી જિલ્લા માટે વધુ પ્રાણઘાતક સાબિત થઈ છે. બીજી લહેરના ફેલાવા માટે કોવિડ-૧૯ના નિયમોના પાલનનો અભાવ જોવા મળી રહ્યો છે. ટપોટપ લોકો મૃત્યુ પામતા હોવા છતાં લગ્નના વરઘોડા અને રાસગરબામાં જનમેદની એકત્ર થઈ રહી છે. પાછલા ૪૮ કલાકમાં પોલીસે ૮ થી વધુ લગ્નના આયોજકો સામે ગુનો નોંધ્યા પછી પણ પ્રજામાં કોઈ સુધાર જોવા મળ્યો નથી. એકતરફ કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવા માટે સરકારી તેમજ ખાનગી ડૉક્ટર તેમજ પેરામેડીકલ સ્ટાફ પોતાના જીવની પરવા કર્યા વગર દિવસ-રાત સંઘર્ષ કરી રહ્યા છે પરંતુ જિલ્લાની લાપરવાહ પ્રજાને ડૉક્ટરોના બલિદાનની કોઈ કિંમત નથી. કોરોના વેક્સિન લીધા પછી પણ અનેક લોકો સંક્રમિત થયા છે તે બાબત ચોંકાવનારી છે પરંતુ અરવલ્લી જિલ્લામાં જે રીતે કોરોનાએ મોતનું તાંડવ ખેલ્યું છે તે જોતાં કોરોનાથી બચવા માટે પ્રજાએ સ્વયં શિસ્તબદ્ધ નિયમોનું પાલન કરવું પડશે. મોડાસા,



બાયડ, ભિલોડા સહિતના વિસ્તારોમાં છેલ્લા ૧૨ કલાકથી એમ્બ્યુલન્સની દોડાદોડના કારણે દર્દીઓની સંખ્યામાં તોતિંગ વધારો થયાની આશંકા પણ સેવાય છે. જિલ્લામાં કાળમુખો કોરોના મોડાસા અને બાયડમાં સૌથી વધુ લોકોને ભરખી ગયો છે. અત્યાર સુધી ડાયાબીટીશ તેમજ અન્ય ગંભીર બિમારી ધરાવતા હોય અને ચેપગ્રસ્ત થયેલા લોકોના મોતની સંખ્યા વધુ હતી પરંતુ હવે બાળકો, યુવાનો અને ૫૦ વર્ષથી ઓછી વયના લોકોના સૌથી વધુ મોત નિપજ્યાનું આંકડા જણાવી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસથી ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછતની ફરિયાદો પછી પણ જિલ્લામાં ડૉક્ટરો અને કોરોનાગ્રસ્ત દર્દીઓના સગાઓને રાહત થાય તેટલો સ્ટોક જમા થયો નથી.

## ઉત્તર ગુજરાતમાં કોરોનાના કહેર વચ્ચે આજે હનુમાન જયંતિની ઉજવણી

### હનુમાનજીને માસ્ક પહેરાવ્યા, હનુમાન મંદિરો બંધ પરંતુ સાદગીપૂર્ણ પુજન-અર્ચના, સુંદરકાંડ, યજ્ઞનાં આયોજન, મંદિરો દર્શન માટે બંધ






આજે મંગળવારે ચૈત્ર સુદ પુનમ, હનુમાન જયંતિ હોવાના કારણે હનુમાન ભક્તોમાં ખુશાલી છે પરંતુ કોરોનાના કહેરના કારણે ઘરે બેઠાં જ હનુમાન જયંતિની ઉજવણી કરવી પડશે. હનુમાન મંદિરો કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે બંધ રાખવાનો મંદિર સંચાલકોએ નિર્ણય કર્યો છે પરંતુ સાદગીપૂર્ણ પૂજન, અર્ચના, સુંદરકાંડ, યજ્ઞનાં આયોજન કરાયાં છે જેમાં હનુમાન ભક્તોને દર્શન માટે પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી છે. અરવલ્લીના સાકરીયા, હિંમતનગરના વક્તાપુર, ધનસુરા નજીકના રહીયોલ સહિતના ખ્યાતિ પ્રાપ્ત મંદિરો ભક્તોની હાજરી વગર હનુમાન જયંતિના દિવસે સૂના સૂના થઈ રહેશે. હિંમતનગરના ખાડીયા વિસ્તારમાં આવેલ બાલા હનુમાનજીને કોરોનાના લીધે માસ્ક પહેરાવવામાં આવ્યો છે. કોરોનાનો કપરો કાળ શરૂ થયો છે ત્યારે હનુમાન ભક્તોમાં વધારો થયો છે. કોરોનાનું સંકટ દૂર થાય તે માટે મોટાભાગના પરિવારોના ત્યાં સવાર-સાંજ હનુમાન ચાલીસાના પાઠ થઈ રહ્યા છે.

પુરાણ અને જ્યોતિષના મત પ્રમાણે ભગવાન રામની સેવાના ઉદ્દેશ્યથી ભગવાન શંકરના ૧૧મા રૂદ્ર અવતાર પવનપુત્ર હનુમાનજીનો જન્મ માતા અંજનીને ત્યાં ચૈત્રી સુદ પુનમના રોજ થયો હોવાનું કથાઓમાં કહેવામાં આવ્યું છે. હનુમાનજીને પ્રસન્ન કરવા શનિદેવને શાંત કરવા પડે જ્યારે હનુમાનજીએ શનિદેવનો ઘમંડ તોડ્યો હોવાથી હનુમાનજીની આરાધના કરનાર વ્યક્તિ ઉપર ક્યારેય શનિ પીડા નહીં પહોંચાડે તેવું વચન આપતાં દર વર્ષે ચૈત્ર સુદ પુનમના રોજ ભારે આસ્થાપૂર્વક હનુમાન જયંતિ ઉજવાતી હોય છે. આજે તા.૧૯ ના રોજ કલીકાળના હાજરા હજૂર દેવ તરીકે ઓળખાતા હનુમાનજીની જયંતિ હોવાથી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના હનુમાન મંદિરોમાં સાદગીપૂર્વક હનુમાન જયંતિની ઉજવણી થશે.

### કોરોનાને હરાવવો છે

## ઈડરમાં ૨૮ થી એક સપ્તાહનું સંપૂર્ણ સ્વૈચ્છીક લૉકડાઉન

### બેલગામ કોરોનાને નાથવા માટે તંત્ર સજ્જ બન્યું

ઈડર / બાયડ, તા.૨૬

ઈડર તથા તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના બેલગામ બન્યો છે. કોરોનાને હરાવવા માટે હવે તંત્રએ એક સપ્તાહ માટે ધંધા-રોજગાર સંપૂર્ણપણે સ્વૈચ્છીક બંધ રાખવાનો નિર્ણય લીધો છે. તા.૨૮ એપ્રિલ, બુધવાર થી તા.૫ મે. સુધી ધંધા-રોજગાર સંપૂર્ણ બંધ રહેશે. જ્યારે આવશ્યક સેવાઓમાં મેડીકલ સ્ટોર્સ અને દૂધના પાર્લર સવારે ૬-૦૦ થી ૮-૦૦ અને સાંજે ૫-૦૦ થી ૭-૦૦ ખુલ્લાં રાખવાનો નિર્ણય લેવાયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. અનેક વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના મોતની લાઈનો લાગી રહી છે. આવાં વિકરાળ દ્રશ્યોથી અનેક લોકો ડિપ્રેશનમાં સરી પડ્યા છે. ઈડર વેપારી મથક છે અને તેના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવી રહ્યા છે ત્યારે સંક્રમણ વધુ બેકાબુ બનવાનો ભય હાવિ થયો છે. જેથી ઈડર પાલિકા, પોલીસ અને વેપારી એસોસીએશન દ્વારા બેઠક યોજવામાં આવી હતી જેમાં કોરોનાના વધતા સંક્રમણ બાબતે ચિંતા વ્યક્ત કરી એક સપ્તાહનું સંપૂર્ણ સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ મેડીકલ સ્ટોર્સ, દૂધના પાર્લર નિયમાનુસાર ખુલ્લાં રાખવાનો નિર્ણય લીધો છે.

### વારેણાબોરટીંબા જમીન દસ્તાવેજ પ્રકરણ

## બાયડ મામલતદાર ઉવાચ-દસ્તાવેજ પ્રકરણમાં અમે કશું ન કરી શકીએ..!!

બાયડ તાલુકાની વારેણાબોરટીંબા જમીન પ્રકરણમાં બેન્કનો બોજો હોવા છતાં દસ્તાવેજ થઈ ગયો છે તેવી વિવાદીની વિવાદ અરજી અરવલ્લી કલેક્ટરે નામંજૂર કરી નારાજ હોય તો મહેસૂલ સચિવ સમક્ષ જવાની સૂચના આપવામાં આવી છે. બાયડ મામલતદારે આ સમગ્ર પ્રકરણ પોતાના અધિકારમાં આવતું નથી કારણ કે દસ્તાવેજ થઈ ગયા પછી સિવિલ કોર્ટ મેટર બને છે. પરંતુ આવેલી રજૂઆત પછી સર્કલને તપાસ રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી જમીન દસ્તાવેજ પ્રકરણમાં બાયડ મામલતદાર કચેરીના સબરજીસ્ટ્રાર દસ્તાવેજ નોંધણી અધિકારી સામે આક્ષેપો કરી કાદવ ઉછાળવાના પ્રયાસ થયા છે તેની સામે બાયડમાં રોષ જોવા મળ્યો છે. તંત્ર સમગ્ર પ્રકરણમાં સાચા ગુનેગારોને શોધે અને નામ જાહેર કરે નહીંતર આ મુદ્દે રાજ્યના મહેસૂલ પ્રધાનને બાયડ મામલતદાર કચેરીમાં ચાલતી લાલીયાવાડી બાબતે પુરાવા સાથે રજૂઆત થશે તેવું બાયડ ગામના યુવાનોએ જણાવ્યું છે.

### કોરોનાનું ઘાતક સ્વરૂપ

## નાનાચેખલાના યુવાને કોરોનાને હરાવ્યો, હોસ્પિટલથી ઘરે આવ્યા પછી મોત

### મોડી રાત્રે ઓક્સિજનનું પ્રમાણ ઘટતાં શ્વાસ ચઢ્યો, તરફડીને મોત

તલોદ, તા.૨૬

તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાની સાથે જીવલેણ સાબિત થઈ રહ્યું છે. નાનાચેખલાના સુરેશભાઈ ધનાભાઈ વણકર કોરોનાથી સંક્રમિત થતાં હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા પછી કોરોનાને હરાવ્યો. હોસ્પિટલથી ઘરે આવ્યા અને મોંડી રાત્રે એકાએક ઓક્સિજનનું પ્રમાણ ઘટતાં શ્વાસ ચઢ્યો અને તરફડીને મોત નિપજતાં ગામમાં માતમ છવાયો છે. એક પછી એક કોરોનાના અવનવા ઘાતક સ્વરૂપથી તજજ્ઞ તબીબો પણ ચોંકી ઉઠ્યા છે. પાછલા ૨૪ કલાક



દરમ્યાન નાનાચેખલા, મોઢુકા અને પુંસરી પંથકમાં ૪ થી વધુ લોકોના કોરોનાના કારણે મોત નિપજતાં હાહાકાર મચ્યો છે.

કોરોનાએ અનેક પરિવારને ઉજાડી નાખ્યા છે. અમને ક્યારેય કોરોના ન થાય તેવું કહેનારા અનેક લોકો સંક્રમિત થઈ હોસ્પિટલમાં છે. કેટલાક મોતને ભેટ્યા છે. ખુદ કોરોના દર્દીની સારવાર કરનારા ડૉક્ટરો પણ સંક્રમિત થઈને ટપોટપ મોતને ભેટી રહ્યા છે. નાનાચેખલાના સુરેશભાઈ વણકરને કોરોનાનાં લક્ષણો જણાયા પછી રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો જેમાં પોઝિટિવ જણાતાં તા.૨૫ના રોજ હિંમતનગરની શાન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તાત્કાલિક સારવારથી આરામ થયો અને ઘરે આવ્યા પરંતુ મોંડી રાત્રે બાથરૂમ જવા માટે ઉભા થયા તે સમયે જ ઓક્સિજનનું પ્રમાણ ઘટતાં શ્વાસ ચઢ્યો અને ઢળી પડ્યા હતા. તાબડતોબ સારવાર આપવાના પ્રયાસ થયા પરંતુ તેમનું મોત નિપજ્યું હોવાથી તમામ પ્રયાસ નિરર્થક સાબિત થયા છે. નાનાચેખલાના યુવાને કોરોનાને હરાવ્યો પરંતુ કોરોનાના નવા સ્ટ્રેનના ઘાતક સ્વરૂપે ભોગ લીધાની આશંકા સેવાય છે.

### મોઢુકાના સોનીને કોરોના કોળીયો કરી ગયો



તલોદ તાલુકાના મોઢુકામાં કોરોનાથી સંક્રમિત થયેલા મુકેશભાઈ સોનીનું સારવાર દરમ્યાન મોત નિપજતાં મોઢુકા પંથકમાં માતમ છવાયો હતો. મળેલી જાણકારી અનુસાર મુકેશભાઈ સોની કોરોનાથી સંક્રમિત થતાં હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા પરંતુ સોની યુવાન કોરોના સામેનો જંગ હારી ગયો હતો. એક પછી એક મોઢુકા, પૂંસરી અને નાનાચેખલામાં અત્યાર સુધીમાં કોરોનાએ ૪ જણનો ભોગ લેતાં પ્રજાએ હવે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની સાથે માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવો અને અગત્યના કામ સિવાય ઘરની બહાર નહીં જવાનો સંકલ્પ લેવો પડશે.